UK Health Security Agency

NHS



# કોવિડ-19 (COVID-19) વેકસીન

# નબળા રોગપ્રતિકારક તંત્રવાળા લોકો માટે

જે લોકોનું રોગપ્રતિકારક તંત્ર સખતરીતે નબળુ હોય તેઓને કોવિડ-19 (COVID-19) વેકસીનનો ત્રીજો ડોઝ લેવાની સલાહ આપવામાં આવે છે. આપવામાં આવેલ તમારા બૂસ્ટર્સ પહેલા, તમારા પહેલા 2 ડોઝીસમાંથી તમે જે કોઈ પણ વૃધ્ધિ કરેલ રક્ષણમાં સુધારો કરવામાં મદદરૂપ રહેશે.

## કોવિડ-19 (COVID-19) અથવા કોરોનાવાઈરસ એ શું છે?

કોવિડ-19 (COVID-19) એ ખૂબજ ચેપી શ્વાસોચ્છશ્વાસનો રોગ કે જે SARS-CoV-2 વાઈરસ કે અતિસૂક્ષ્મ જંતુ દ્વારા થાય છે. જે લોકોનું નબળુ રોગપ્રિકારક તંત્ર હોય તેઓને માટે તે ખૂબજ ગંભીર બની શકે. કોવિડ-19 (COVID-19) માટે કોઈ ઈલાજ કે ઉપચાર નથી, જો કે થોડીક નવી કસોટીવાળી સારવારો આવી ગૂંચવણોનો જોખમ ઓછો કરવામાં મદદરૂપ રહે છે.

## શા માટે મને કોવિડ-19 (COVID-19) વેકસીનનો ત્રીજો ડોઝ ઓફર કરવામાં આવે છે?

5 વર્ષ અને મોટી ઉંમરના કે જેઓનું રોગપ્રતિકારક તંત્ર નબળુ હોય તેઓને કોવિડ-19 (COVID-19) વેકસીનના તેમના પ્રથમ 2 ડોઝીસ ઓફર કરવાની આસપાસના સમયે આવો ત્રીજો ડોઝ બધાને ઓફર કરવામાં આવે છે. તે શકય છે કે બીજા લોકોની સાથોસાથ તમે કદાચ પ્રતિભાવ ન આપ્યો હોય. આ ત્રીજો ડોઝ તમારો રોગપ્રતિકારક પ્રતિભાવ સુધારવામાં મદદરૂપ બની અને તમને સારુ રક્ષણ આપી શકે.

આ તમને લાગુ પડે છે કે નહિ તે તમારા વિશેષજ્ઞ કે સ્પેશલિસ્ટ સલાહ આપી શકે. ત્રીજો ડોઝ લેવાથી તમે કોવિડ-19 (COVID-19) ચેપ થવાની તમારી સંભાવના ઓછી કરી શકો.

અને, જો તમે લો તો, જો તમે ત્રીજુ વેક્સિનેશન લીધુ ન હોય તો તેના કરતાં, તમારા લક્ષણો કદાચ ઓછા સખત રહી અને બીમારી વધારે ટૂંકી થઈ શકે.

ત્રીજા ડોઝની જરૂરિયાતવાળા લોકો એવા હોય છે કે જેઓને તેઓના પ્રથમ 2 ડોઝીસ આપવાના સમયની આસપાસ તેઓનું રોગપ્રતિકારક તંત્ર સખત નબળુ હોય. આમાં સમાવેશ થાય છે કે જેઓને હતું અથવા હોયઃ

- લોહીનું કેન્સર (જેમકે લ્યૂકેમિઆ અથવા લિમ્ફોમા)
- ઓછી થયેલ રોગપ્રતિરક્ષિત શક્તિ કે જે સારવારને લઈને હોઈ શકે (જેમકે સ્ટિરોઈડ દવા, બાયોલોજિકલ થેરપિ, કીમોથેરપિ અથવા રિડઓથેરપિ)
- ઓછી થયેલ રોગપ્રતિરક્ષિત શક્તિ કે જે વારસાગત રોગપ્રતિકારક તંત્રની વિકૃતિઓને લઈને હોઈ શકે
- કોઈ એક ઈન્દ્રિય અથવા બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- રોગપ્રિકારક તંત્રને અસર કરતા રોગો જેવાકે અપૂરતીરીતે નિયંત્રણ કરવામાં આવતા HIV
- તમારા વિશેષજ્ઞ દ્વારા સલાહ આપવામાં આવતા બીજા રોગો અથવા સારવારો

## મને મારો ત્રીજો ડોઝ કયારે લેવો જોઈએ?

તમારા રક્ષણમાં સુધારો કરવા તમને 1 વધારાના ડોઝની જરૂર રહેશે. તમારો વધારાનો (ત્રીજો) ડોઝ તમારા બીજા ડોઝ પછી ઓછામાં ઓછા 8 અઠવાડિયાઓએ આપવો જોઈએ.

તે પછી તમારું રક્ષણ વિસ્તૃત કરવા તમને બૂસ્ટર ડોઝીસ લેવાની પણ જરૂર રહી શકે – કોઈ પણ બૂસ્ટર તમારા વધારાના (ત્રીજા) ડોઝના 3 મહિના પછીથી આપવો જોઈએ.

## આડ અસરો

**ખૂબજ સામાન્ય આડ અસરોમાં સમાવેશ:**

- હાથમાં જયાં તમે તમારું ઈંજેકશન લીધુ હોય ત્યાં પીડા, ભારે સંવેદના અને આળાપણુ લાગે. વેક્સિનેશન પછી આશરે 1 થી 2 દિવસો સુધી સૌથી ખરાબ હોય તેવુ વલણ ધરાવે છે.
- થાક લાગવો
- માથાનો દુખાવો
- સામાન્ય દુખાવાઓ, અથવા હળવા ફ્લૂ-જેવા લક્ષણો

તમને સારુ લાગવામાં મદદરૂપ બનવા તમે પેરાસિટિમોલ લઈ આરામ કરી શકો (પેકેજિંગમાં ડોઝની સલાહને અનુસરો). જો કે થોડોક તાવ આવવાની સંવેદના 2 થી 3 દિવસો માટે સામાન્ય હોય છે, ઊંચુ શરીરનું ઉષ્ણતામાન અસામાન્ય હોય છે અને કદાચ એવું બતાવી શકે કે તમને કોવિડ-19 (COVID-19) અથવા બીજો ચેપ હોઈ શકે.

વેક્સિનેશનને અનુસરીને લક્ષણો સામાન્યરીતે એક અઠવાડિયા કરતાં ઓછા રહેતા હોય છે. જો તમારા લક્ષણો વધારે ખરાબ થતા જોવામાં આવે અથવા તમને ફિકર- ચિંતા થાય તો, તમે NHS 111ને ફોન કરી શકો.

## કેવી રીતે વેકસીન મેળવવુ

તમે ઓનલાઈન બુક કરી શકો અથવા તમારા ત્રીજા ડોઝ માટે વોક-ઈન કે ચાલીને જઈ શકાય તેવા ક્લિનિકમાં જાઓ. તમે યોગ્યતા ધરાવો છો તેની તપાસ કરવામાં ક્લિનિકને મદદરૂપ બનવા, કૃપા કરી તમારા જીપી (GP) અથવા વિશેષજ્ઞ પાસેથી કોઈ પણ કાગળો અથવા તમે લઈ રહયા હોય તેવી દવાઓની વિગતો લાવો.

## ત્રીજુ વેક્સિનેશન નહિ લેવું જોઈએ તેવા લોકો

જો તમને વેકસીનના અગાઉના ડોઝ પછી ખૂબજ ગંભીર પ્રતિક્રિયા થઈ હોય તો, તમારે તમારા ડોકટર સાથે આની ચર્ચા કરવી જોઈએ.

## જો તમે કોઈ એક વેક્સિનેશન ચૂકી ગયા હો તો

જો તમે હજી સુધી તમારા વેકસીનના પ્રથમ 2 ડોઝીસનું કોઈ પણ એક લીધુ ન હોય તો, તમારે શકય હોય તેટલી જલદીથી તે લઈ લેવું જોઈએ.

જો તમારા બીજા ડોઝથી હાલ 8 અઠવાડિયાઓ કરતાં વધારે હોય તો, કૃપા કરી શકય હોય તેટલી જલદીથી તમારો વધારાનો (ત્રીજો) ડોઝ લેવાની ગોઠવણ કરો.

જો તમે 12 વર્ષ અથવા વધારે ઉંમરના હો તો, તમને બૂસ્ટર લેવાની પણ જરૂર રહેશે. તમારા ત્રીજા ડોઝના 3 મહિના પછીથી તમને બૂસ્ટર આપવું જોઈએ.

જો તમે પહેલેથી તમારું બૂસ્ટર લઈ લીધુ હોય તો, તમે આ વસંતમાં બીજો બૂસ્ટર લેવા માટે પણ યોગ્યતા ધરાવી શકો.

જો તેમ ન હોય, તો પછી તમે વસંતની ઝુંબેશના ભાગરૂપે થોડાજ વખતમાં તમારો બૂસ્ટર લઈ શકો.

ઘણુ કરીને તમને આ પાનખરમાં બીજા બૂસ્ટરની જરૂર રહેશે.



## વધારે માહિતી

**www.nhs.uk/conditions/coronavirus-covid-19/coronavirus-vaccination/**

અને કોવિડ-19 (COVID-19) વેક્સિનેશન પછી શું અપેક્ષા રાખવી તે તમે અહીંયા વાંચી શકો
**www.gov.uk/government/publications/covid-19-vaccination-what-to-expect-after-vaccination**

© Crown copyright 2021. UK Health Security Agency gateway number: 20211351.
Product code: C22WI2GU Gujarati. 500K 2p MAR 2022 (APS). Version 3. 02/03/2022. If you want to order more copies of this leaflet using the product code C22WI2GU Gujarati, please visit: www.healthpublications.gov.uk